આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

06 દિવસ બાકી મતદાન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૭૧ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૨, મંગળવાર; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર કોન્ફરન્સ ટુરીઝમ પોઈન્ટ બનશે : મોદી

## ગાંધીનગરમાં રૂફ ટોપ પોલિસીના અમલથી સોલાર એનર્જીનું ઉત્પાદન કરી મધ્યમ વર્ગની આવક વધારવાનો અભિગમ આ સરકારે અપનાવવાનો નિર્ણય કર્યો છે : ગાંધીનગરની જાહેર સભામાં મોદી ઉવાચ


(તસવીર : દિપક જાની)


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૦

ગિફ્ટ સિટી કાર્યરત થતાં એક લાખ યુવાનોને ગાંધીનગરમાં રોજગારી પ્રાપ્ત થશે તો મહાત્મા મંદિરના કન્વેનશન સેન્ટરને કારણે આ નગર કોન્ફરન્સ ટુરીઝમ તરીકે ડેવલપ થશે અને રૂફટોપ પોલીસીને કારણે આ નગરના સીમિત આવક ધરાવતા કર્મચારીની આવકમાં વધારો થશે જે આ શહેરની દિશા બદલશે અને દશા પણ બદલશે.

નગરના સેક્ટર-૬ ખાતે આજે સાંજે આયોજિત જાહેર સભામાં બોલતાં નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે નોલેજ કોરીડોર તરીકે આ શહેર વિકસે તે માટે દેશનું જે શ્રેષ્ઠ છે તે આ નગરમાં લઈ આવ્યા છીએ. આઈઆઈટીથી શરૂ કરી અનેકવિધ યુનિવર્સિટીઓ આ નગરમાં કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે એફડીઆઈના કાનૂન માટે રૂા. ૧૨૫ કરોડના લોબીંગની તપાસ કરવાની વાત આજે કેન્દ્ર સરકાર સમક્ષ મોટો પડકાર બનીને આવી છે તેની તપાસ કરવી જોઈએ.

શ્રી મોદીએ કોંગ્રેસી નેતાઓ દ્વારા તેમની સામે થયેલા આક્ષેપોને ફગાવતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં સૌથી વધુ રોજગારીની તકોનું નિર્માણ થયું છે. દેશમાં ઝડપથી વિકાસ પામતું રાજ્ય ગુજરાત છે તેવું રાજીવ ગાંધી ફાઉન્ડેશને કહ્યું છે.

મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ અધ્યક્ષાએ આજે સિદ્ધપુરમાં કબૂલ્યું છે કે વિકાસનાં કામે જે નહેરૂ શાસનમાં થયા હતા તે પછી થયા નથી અર્થાત્ કોંગ્રેસના નેતાઓએ ક્યારેય વિકાસ માટે તેમનું મન લગાવ્યું જ નથી.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં સલામતી, વિકાસ અને સમૃદ્ધિ છે અને રહેશે. કારણ કે અહીં ભાજપનું શાસન છે.

૧૦ વર્ષના શાસનમાં ગુજરાતમાં કરફ્યુ નથી લગાવાયો. મહારાષ્ટ્રમાં એક વર્ષમાં ૩૦૦થી વધુ કોમી તોફાનોના બનાવો અને આસામમાં કોમી હિંસાના બનાવો બન્યા છે તેની વાત નથી કરતા પણ ખોટા આક્ષેપો ગુજરાત પર કરી અને ગુજરાતમાં લઘુમતિઓ સલામત નથી તેવી વાતો ફેલાવાય છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પાટનગરના વિકાસ માટેની સતત ચિંતા આ સરકાર કરે છે. ગિફ્ટ સિટીના એક ટાવરનું નિર્માણ સંપન્ન થઈ ચૂક્યું છે. બીજા ટાવરનું કામ પણ અંતિમ તબક્કામાં છે. આ ટાવરો કાર્યાન્વિત થતાં એક લાખ યુવાનોને રોજગારી મળશે.

ગાંધીનગરમાં રૂફ ટોપ પોલિસીના અમલથી સોલાર એનર્જીનું ઉત્પાદન કરી મધ્યમ વર્ગની આવક વધારવાનો અભિગમ આ સરકારે અપનાવવાનો નિર્ણય કર્યો છે.

મહાત્મા મંદિરમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારો અને કોન્ફરન્સો યોજાતાં ગાંધીનગર કોન્ફરન્સ ટુરીઝમ તરીકે વિકાસ પામશે એટલું જ નહિ નોલેજ કોરીડોરને કારણે આ નગરમાં એક લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હશે. આમ આ નગરનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પાસે ચૂંટણીના મુદ્દા નથી અને એટલે જ ભ્રામક વાતો અને જૂઠાણાં ફેલાવી રહ્યા છે. કોંગ્રેસને ખુલ્લો પડકાર ફેકતાં તેમણે જણાવ્યું હતું કે પાયાવિહીન આક્ષેપો મોદી સામે કરો પણ ગુજરાતની પ્રજા મોદીને ઓળખે છે અને તમને જાકારો આપશે એમાં કોઈ શંકા નથી.

આ સભાને ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, ખાદી બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ સાંસદ પુંજાજી ઠાકોર, જિલ્લા પ્રમુખ શકુંતલાબોન પટેલ, કેપ્ટન અભિમન્યુ, રાજીવ જૈન, ગોવિંદભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, રૂચિર ભટ્ટ સહિતના આગેવાનોએ સંબોધી હતી.







## રાહુલ આજે ગુજરાતમાં ૩ સભાને સંબોધન કરશે

અમદાવાદ, તા. ૧૦

એઆઈસીસીના મહામંત્રી અને કોંગ્રેસના યુવાનેતા રાહુલ ગાંધી આવતીકાલ તા. ૧૧મીને મંગળવારે ગુજરાતમાં ચૂંટણી પ્રચારાર્થે આવી રહ્યા છે. રાહુલ ગાંધીની ચૂંટણી સભાઓ યોજાવાની હોવાથી કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધી આવતીકાલે તા. ૧૧મીને મંગળવારે સૌરાષ્ટ્રમાં જામનગર ખાતે પ્રદર્શન મેદાનમાં સવારે ૧૦ વાગ્યે જાહેરસભાને સંબોધશે.ત્યાર બાદ રાહુલ ગાંધી અમરેલીમાં કામયાની ફોરવર્ડ હાઈસ્કૂલ મેદાનમાં બપોરે ૧૨ વાગ્યે જાહેરસભાને સંબોધશે. તેમજ અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે પ્રેમ આકૃતિ ગ્રાઉન્ડ, રિદ્ધિ-સિદ્ધિ બંગલાની બાજુમાં બપોરે ૨ વાગ્યે રાહુલ ગાંધી જાહેર સભાને સંબોધશે. ચૂંટણી સભાઓને સંબોધવા રાહુલ ગાંધી પ્રથમવાર જ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાથી કોંગ્રેસના યુવા કાર્યકરોમાં ઉત્સાહ બેવડાયો છે.




